**પેજ નં.૬**

**સોગંદ આપ્યા.....**

**અરજદાર તરફેના સાહેદ ભરતભાઈ જીવણભાઈ દલવાડીની આંક– ૧૮ની સરતપાસ લગત સામાવાળા તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી એલ.જી. સોનગ્રા**

(૧) એ વાત ખરી છે કે આ કામના અરજદાર મારા સગા સાળી થાય છે. એ વાત ખરી છે કે હું અરજદારના કહેવા મુજબ આજરોજ સાક્ષી તરીકે કોર્ટમાં જુબાની આપવા માટે આવેલ છું. એ વાત ખરી છે કે મારી સરતપાસના સોગંદનામામાં મારી સાળી તથા તેમના પતિ વચ્ચે જે ઘટનાઓ બનેલાનું દર્શાવેલ છે તે ઘટનાઓ સમયે હું સ્થળ પર રુબરુમાં હાજર ન હતો. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે જયારે ફોન આવતો ત્યારે મારી સાળી મને કહેતી હતી કે ત્રણ વર્ષ સુધી કમ્પ્લીટ ચાલેલ પછી ગમે ત્યારે ત્યાં માથાકુટ થાય ત્યારે બંન્ને મને વારંવાર ફોન કરતા હતા. એ વાત ખરી છે કે મને વારંવાર ફોન કરીને જાણ કરતા હતા તેવું મે મારી સરતપાસમાં લખેલ છે પરંતુ અરજદાર કયા નંબરથી મારા કયા મોબાઈલ નંબર પર ફોન કરીને મને જાણ કરતા હતા તેવા બંન્નેના મોબાઈલ નંબર તથા તે તારીખ મારી સરતપાસમાં દર્શાવેલ નથી. એ વાત ખરી છે કે અરજદાર લગ્નબાદ પોતાના પતિ સાથે ઈશનપુર મુકામે ૧૦ થી ૧૫ દિવસ રોકાયેલા. એ વાત ખરી છે કે ત્યારબાદ ૧૦–૧૫ દિવસ પછી અરજદાર તેમના પતિ સાથે રાજીખુશીથી અમદાવાદ મુકામે રહેવા ચાલ્યા ગયેલા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે સામાવાળાના બંન્ને ભાઈઓ તથા બંન્ને ભાઈઓની પત્નિઓ જેમ ચારેય જણા અમદાવાદખાતે રહેવા ગયેલા. એ વાત ખરી છે કે હું આ લોકો સાથે તે સમયે અમદાવાદ સાથે રહેવા ગયો નથી. એ વાત ખરી છે કે મે મારી સરતપાસમાં અરજદાર અને સામાવાળા વચ્ચે જે ઘરસંસાર સમયે ઘટનાઓ બનેલાનું દર્શાવેલ છે તે ઘટનાઓ મે નજરે જોયેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મોબાઈલ દ્રારા મને વાત જણાવતા. એ વાત ખરી છે કે અરજદારે જે હકીકતો મને જણાવેલી તેના આધારે મે હાલનું સોગંદનામું કરેલ છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મે મારી રીતે જ હું જે જાણું છું વાંચીને લખાવેલું. એ વાત ખરી છે કે સામાવાળાને મારઝુડ કરતા મે મારી નજરે જોયેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મને તરત જ ફોન આવેલો.

સવાલ :– અરજદારે તમને જણાવ્યું હોય અને તમે સામાવાળા વિરુધ્ધ પોલીસ સ્ટેશનમાં જઈને લેખીત ફરીયાદ આપેલ હોય તેવું બનેલ નથી?

જવાબ:– હા,અમે પોલીસ સ્ટેશન ગયેલા અને અમને પોલીસવાળાએ ઘરમેળે સમજી જવા કહેલું

હું માલણીયાદ મુકામે રહું છું. અરજદાર અત્યારે તેમના પિતા સાથે રહે છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે પાર્થભાઈએ મારામાં ફોન કરેલ કે તેના

પપ્પાને જણાવી દો મારે બને તેમ નથી હું દસ તારીખે મુકવા આવું છું પછી દસ તારીખે મુકવા આવેલ ત્યારે મને હળવદ આવી મારા સસરાના ઘરેથી ફોન કરેલ મને કે આને મુકવા આવ્યો છું મે કીધું ગામના પાંચ પટેલને ભેગા કરીને મુકી જાવ પરંતુ હળવદના પટેલને ભેગા કરેલા નહીં પછી ઈશનપુર ગયા, ઈશનપુર ગયા અને સાંજના સમયે તેની ગાડીમાંથી થેલા ઉતારતા હતા ઉતારીને ઘરમાં મુકયા ત્યાં પાર્થભાઈ એ થેલા ફગાવી દીધા તેવો પાયલે મને ફોન કરેલો, ફોનની સાથે જ બચકા ભર્યાનો અવાજ આવ્યો ચીસાડો ચીસાડો પાડતી હતી પછી રાત્રે ૧૦–૧૨ ઈશનપુરના પટેલ હળવદ મુકી ગયા અને પટેલીયાઓએ એવું કહેલ કે તમે તમારી રીતે સમજુતી કરી લેજો તમારી દીકરીને અહીં મુકી જઈએ છીએ ત્યાર પહેલા આવી ઘટના ૨–૪ વાર બનેલ હતી વારંવાર મારામાં ફોન કરતી કે મને ખાવાનું નથી લાવી આપતા કપડાં નથી લાવી આપતા.

આ તબકકે રીસેષ સમય થતાં સબબ કામે વધુ ઉલટતપાસ માટે મુલત્વી.

**સોગંદ આપ્યા.....**

**(૨)** સાહેદ રીસેષ બાદ સ્વેચ્છાએ વધુમાં જણાવે છે કે હળવદ લગ્નપ્રસંગ હોય ત્યારે આવે ત્યારે મારે સાથે આવવું નથી મારે પોગ્રામ છે તું જા વહેવાર તારે જે કરાવવો હોય તે કરાવી નાખજે તારી પાસે પૈસા હોય તો આવો વારંવાર મારામાં ફોન આવતો હતો જયારે પાયલ સાથે ઈશનપુર ઘટના બની તે ચીસો પાડતી હતી તે યુ ટયુબમાં વીડીયો હતો ફેસબુકમાં ઈન્સ્ટાગ્રામમાં વીડીયો હતો તે મારી પાસે મોબાઈલ છે તે કોર્ટમાં રજુ કરેલ છે. એ વાત ખરી છે કે અરજદારને હું વાર તહેવારે ફોન કરતો હતો અને અરજદાર વાર તહેવારે મને પણ ફોન કરતા હતા. એ વાત ખરી નથી કે તે સિવાય મને અરજદાર ફોન કરતા ન હતા.
સવાલ :– પાયલબેન સાથે તમારે પારીવારીક સંબંધો સારા છે?
જવાબ :– બંન્ને સાથે સંબંધો સારા છે.
સવાલ :– તમારે બંન્ને સાથે સારા સંબંધો છે તો તમે તેઓનું સમાધાન પણ કરાવી શકો તેમ છો?
જવાબ :– સમાધાન માટે વારંવાર ઈશનપુર ગામે ગયેલા તેમના ઘરે, મયુરભાઈ,મારા ઘરના એમ ત્રણેય મનાવવા ગયેલા ત્યારે પાર્થભાઈ એમ કહેતા હતા કે હવે મારે આ જોઈ નહીં મારા લાયક નથી અમે ત્રણ કલાકે રાત્રે મનાવવા ગયેલા તો પાર્થભાઈ એમ જ બોલતા કે આ મારા લાયક નથી અમે વારંવાર મનાવવાની કોશીષ કરેલી ગામના પટેલીયાઓ ભેગા કરીને કોશીષ કરેલી તે ગામના પટેલીયાના ઓના પ્રુફ કોર્ટમાં રજુ કરેલ છે એમ છતાં પણ પાર્થભાઈ માન્યા નહીં.
સવાલ :– તમે હાલ કેસ ચાલુ છે ત્યારે સમાધાન કરાવવ । ઈચ્છો છો?
જવાબ :– મારે મારા સાસુ,સસરાઓને બંન્ને ગામના પટેલીયાઓને જોડે રાખીને સમાધાન કરીને મોકલેલ તેમ છતાં માન્ય રાખેલ ન હતી તો અત્યારે મારે પટેલીયાઓને બંન્ને ગામના તથા સાસુ,સસરાને પુછવું પડે હું એકલા નિર્ણય ન લઈ શકું.
સવાલ :– તમે તમારા સાસુ,સસરા અને પટેલીયાઓને પુછીને કેટલા દિવસમાં જણાવશો?
જવાબ :– હવે તે પતે એમ નથી, કોશીષ કરીએ છીએ.
સવાલ :– આ કેસમાં અરજદાર તથા સામાવાળા બંન્ને પક્ષકારોને સમાધાન કરવા માટે પ્રયત્નો કરવા તૈયાર છો?

જવાબ :– પ્રયત્નો તો કરી ચુકયા એમ ન પતે, પતે તેમ નથી, વારંવાર પ્રયત્ન કરી ચુકયા છીએ નો પત્યુ ત્યારે કોર્ટે ચડયા છીએ અને પાર્થભાઈ એમ કહેતા હતા કે મને પોલીસની કોઈ પટેલીયાઓની કોઈ જ્ઞાતની બીક લાગતી અને પાયલને અને પાર્થને મે ફોન કર્યો ત્યારે પાર્થે એવું કીધેલું કે મને કોઈના બાપની બીક નથી.

સવાલ :– અરજદાર તથા સામાવાળા નં. ૧ આ કેસમાં બંન્ને પક્ષકારોને સમાધાન કરવાની કોશીષ કરવા તૈયાર છો?

જવાબ :– કોર્ટે ચડયા પછી સમાધાન ન થાય,વારંવાર કોશીષ કરી ચુકયા છીએ.

સવાલ :– હવે તમે અરજદાર અને સામાવાળાનું સમાધાન કરાવવા તૈયાર નથી?

જવાબ :– વારંવાર કોશીષ કરવા છતાં હવે હું તૈયાર નથી.

એ વાત ખરી છે કે સામાવાળાને અન્ય સ્ત્રી સાથે સંબંધ હોવાનું મે મારી નજરે જોયેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે જયારે બંન્ને ગામના પટેલીયા હળવદ ભેગા કર્યા ત્યારે આ પ્રશ્ન આવેલ ત્યારે ગામના પટેલીયાઓએ પુછેલ ત્યારે અનન્યા છોકરી બોલેલી કે પપ્પા મને ફરવા લઈ ગયા ત્યારે એક નવી મમ્મી હતી અને નવી મમ્મીએ મને ચોકલેટ,આઈસ્ક્રીમ અને ચા પીવડાવી હતી ત્યારે તેના પપ્પાએ એવું કીધેલુ કે અનન્યા તારી નવી મમ્મી લાવવાની છે આવું બંન્ને ગામના પટેલીયાઓ વચ્ચે અનન્યા છોકરી બોલેલી.

એ વાત ખરી છે કે મારી સરતપાસના સોગંદનામામાં *મારી સાળી પાયલનું સુખમય જીવન હતું* તેવું લખાવેલ છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે શરુઆતમાં સુખમય હતું. એ વાત ખરી છે કે સામાવાળાના માતા પિતા અમદાવાદ મુકામે રહેતા ન હતા. એ વાત ખરી છે કે ઘણી વખત વાર તહેવાર અરજદાર અને સામાવાળા નં. ૧ ઈશનપુર મુકામે આવતા હતા. એ વાત ખરી છે કે અરજદાર અને સામાવાળા નં. ૧ નું લગ્નજીવન ચાલતુ હતું ત્યારે તેઓ હળવદ તથા ઈશનપુર મુકામે આવતા હતા. એ વાત ખરી છે કે મે સામાવાળાઓને અરજદારને શારીરીક માનસિક ત્રાસ આપતા નજરે જોયેલ નથી.

સવાલ :– શારીરીક માનસિક ત્રાસ અને મારઝુડ અંગેની વાત તમોએ વાતો વાતોથી સાંભળેલી?

જવાબ :– ફોનથી મે વાત સાંભળેલી, તમે સંબંધ કરાવેલો એટલે તમને જ ફોન કરીને તેવું બંન્ને બોલતા અને હું સાંભળતો.

એ વાત ખરી નથી કે અરજદારને સામાવાળાઓએ કાઢી મુકેલ નથી અરજદાર રાજીખુશીથી પીયરમાં રહે છે. એ વાત ખરી નથી કે અરજદાર મારા સાળી થતા હોય તેને સમર્થન આપવા માટે સોગંદનામા ઉપર ખોટી જુબાની આપું છું. એ વાત ખરી નથી કે મારા સરતપાસના સોગં દનામામાં જણાવેલ તમામ હકીકતો ખરી નથી. એ વાત ખરી નથી કે અરજદારે સામાવાળાઓ વિરુઘ્ધ ખોટા આક્ષેપો કરેલા છે.

સ્થળ:– હળવદ.

તારીખ:– ૦૬/૦૭/૨૦૨૬

સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

મારી રૂબરૂ,

( નિમિષા ગંગારામભાઈ સુરતી)

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

*એડી. ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,*
*હળવદ.*